# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-04-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. પહેલગામમાં આતંકવાદી હૂમલાનો ભોગ બનેલા ત્રણ ગુજરાતી પર્યટકોના અંતિમ સંસ્કાર કરાયા- હૂમલાના પગલે રાજ્યના દરિયા કાંઠા વિસ્તારમાં સઘન સુરક્ષા
2. પહેલગામ હુમલાના વિરોધમાં રાજ્યમાં અનેક સ્થળોએ વિરોધ પ્રદર્શનો અને બંધનું એલાન
3. પંચાયતી રાજ દિવસ નિમિત્તે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે વિવિધ ગ્રામ પંચાયતોમાં 27 કરોડ રૂપિયાથી વધુના વિકાસલક્ષી કામોનું ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત
4. કૃષિ મંત્રી રાઘવજી પટેલે અદ્યતન ટેક્નોલોજીથી સુસજ્જ "આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલ"નો શુભારંભ કરાવ્યો
5. આગામી ચાર દિવસ રાજ્યમાં મહત્તમ તાપમાન યથાવત રહેવાની હવામાન વિભાગની આગાહી

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARATI DEATH IN PAHALGAM – MAIN STORY -1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારત દરેક આતંકવાદી અને તેને મદદ કરનારની ઓળખ કરશે અને પહલગામ હૂમલાના દોષિતોને સજા કરશે. બિહારનાં મધુબની ખાતે એક કાર્યક્રમમાં જાહેર સભાને સંબોધતા શ્રી મોદીએ ભારત દુનિયાના કોઈ પણ ખૂણામાંથી ગુનેગારોને શોધી કાઢશે.

**(BYTE PM ON TERRORISM)**

દરમિયાન, જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હૂમલામાં માર્યા ગયેલા ગુજરાતના ત્રણ પ્રવાસીઓનાં આજે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ભાવનગરના સ્વર્ગસ્થ પિતા-પુત્રને ઘરે જઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ભાવનગરના યતીશભાઈ પરમાર અને તેમના પુત્ર સ્મિત પરમારનાં મૃતદેહને મોડી રાત્રે ભાવનગર ખાતે લાવવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીની સાથે કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા, કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાએ પણ મૃતક પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. હૂમલામાં માર્યા ગયેલા શૈલેષ કળથિયાનાં આજે સુરત ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. કેન્દ્રીય મંત્રી સી આર પાટીલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ મૃતકના પરિવારજનો સાથે મુલાકાત કરીને સાંત્વના પાઠવી હતી. ...2..

..2..MANI STORY

દરમિયાન, કાશ્મીરમાં હાલ પ્રવાસમાં ગયેલા ગુજરાતના પરિવારોની સુરક્ષા માટે સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર ખાતે બે હેલ્પલાઇન નંબર શરૂ કરવામાં આવ્યા છે. યાત્રિકો અને તેમના પરિવારજનો લેન્ડલાઈન નંબર 079-23251900 અને મોબાઈલ નંબર 9978405304 પર સંપર્ક કરીને સુરક્ષા વિષયક બાબતો તેમજ ગુજરાત પરત ફરવા અંગે જરૂરી મદદ મેળવી શકશે.

--------------------

# Security Rajkot

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની ઘટનાને પગલે કચ્છ જિલ્લામાં રાપર તાલુકા અને ખડીર વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક 24 કલાક પોલીસ પેટ્રોલિંગ ગોઠવવામાં આવ્યું છે. ધોળાવીરા બોર્ડરથી આવતા જતા વાહનોની ખડીર પોલીસ દ્વારા સઘન તપાસ હાથ ધરાઈ છે. ઉપરાંત, કચ્છના મુખ્ય પ્રવેશદ્વાર આડેસર ખાતે વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે.

તો બીજી બાજુ, કંડલા, મુંદ્રા, લખપત, ગાંધીધામ અને ભુજ જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં જતા માલવાહક વાહનોની પણ સઘન તપાસ કરવામાં આવી રહી છે.

સૌરાષ્ટ્રના રાજકોટ રેન્જમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. રાજકોટ રેન્જના ઇન્સ્પેક્ટર જનરલ અશોક કુમાર યાદવે જણાવ્યું કે, આ

હુમલાને ધ્યાનમાં રાખીને રેન્જ હેઠળના ત્રણ જિલ્લાઓ—મોરબી, જામનગર અને દેવભૂમિ દ્વારકામાં સુરક્ષા વધારવામાં આવી છે.

(BYTE ASHOK KUMAR YADAV RAJKOT RANGE IG)

દરમિયાન અમારા દ્વારકા જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, દ્વારકામાં દરિયાઈ સુરક્ષામાં વધારો કરાતા 23 માંથી 21 ટાપુઓ પર લોકોની અવરજવર પર પ્રતિબંધ મૂકયો છે.

. . . . . . . . . .

# PAHELGAON VIRODH PRADARSHAN - SHRADHHANJALI -DIST.

પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલાને વખોડતા રાજ્યમાં અનેક સ્થળોએ વેપારી મંડળો અને ખાનગી સંસ્થાઓ દ્વારા વિરોધ પ્રદર્શન થઈ રહયા છે તેમજ મૃતકોને શ્રદ્ધાંજલી અપાઈ રહી છે.

સાબરકાંઠા જિલ્લાના ઇડર અને વડાલી શહેરમાં બે દિવસ અગાઉ જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા લોકોની શ્રદ્ધાંજલિના ભાગ રૂપે બજાર સ્વયંભૂ બંધ રાખવામાં આવ્યું હતું જયારે જિલ્લાના ગામડાઓ અને શહેરમાં કેન્ડલ માર્ચ કાઢી મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

મોરબીના વેપારી મંડળો દ્વારા આવતીકાલે બંધનું એલાન અપાયું છે. સવારે સાડા નવથી બપોરના બે સુધી મોરબીની મુખ્ય બજારો બંધ રહેશે. ભરૂચમાં પણ વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ, કાર્યકરો તેમજ મોટી

સંખ્યામાં નાગરિકોએ મીણબત્તી પ્રગટાવી મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

વલસાડમાં વિવિધ સંસ્થાઓ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે નાગરિકોએ મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પિત કરી આંતકવાદના પૂતળાનું દહન કરી ઘટનાનો વિરોધ દર્શાવ્યો હતો.. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# CM PANCHAYATI RAJ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, રાજ્ય સરકારે પંચાયતોને સશક્ત બનાવવા છેલ્લા દાયકામાં અનેક પગલાં લીધાં છે.  પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય પંચાયત દિવસ અને પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સનો રાજયકક્ષાનો કાર્યક્રમ મહેસાણા

જીલ્લાના આખજમાં યોજાયો હતો. મુખ્યમંત્રીએ આ કાર્યક્રમમાં વિવિધ જિલ્લાઓની ગ્રામ પંચાયતોમાં 27 કરોડ 22 લાખ રૂપિયાથી વધુના 172 વિકાસલક્ષી કામોનું ઈ-લોકર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે, મુખ્યમંત્રીએ કહ્યું કે, છેવાડાના માનવી મુખ્ય પ્રવાહમાં આવે તે માટે સરકાર પ્રયત્નશીલ છે અને તે માટે ગ્રામ્ય સ્તરે મુખ્ય જે વ્યવસ્થાઓ પહોંચે તે દિશામાં સરકાર કામ કરી રહી છે.

(BYTE - CM - Panchayati Raj)

આ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . .

# PANCHAYATI RAAJ

પંચાયતી રાજ દિવસ નિમિત્તે આજે રાજ્યભરની ગ્રામ પંચાયતોમાં વિવિધ કાર્યક્રમો યોજાઇ ગયા. પાટણમાં કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય પંચાયત દિવસની ઉજવણી કરાઇ. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે આજે ભારતના ગામડાઓ શિક્ષણ, રોડ રસ્તા, વીજળી, રોજગારી જેવી માળખાગત સુવિધાઓથી સમૃદ્ધ બન્યા છે. ડિજિટલ ક્રાંતિ અને ટેકનોલોજીના સમન્વયથી ૩૨૩ જેટલી સરકારની વિવિધ સેવાઓથી પંચાયતોને જોડવામાં આવી છે. આ પ્રસંગે નાગરિકોએ રાષ્ટ્રીય કક્ષાએ તેમજ રાજ્યકક્ષાએ થયેલ ઉજવણીનું જીવંત પ્રસારણ નિહાળ્યું.

. . . . . . . . . . . . .

# I-KHEDUT PORTAL 2.0

અદ્યતન ટેક્નોલોજીથી સુસજ્જ "આઈ-ખેડૂત ૨.0 પોર્ટલ"નો કૃષિ મંત્રી રાઘવજી પટેલના હસ્તે આજે ગાંધીનગરથી શુભારંભ થયો.

મંત્રી શ્રી પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, નવું આઈ-ખેડૂત ૨.0 પોર્ટલ નવીન ટેક્નોલોજીના સહારે હવે વધુ સુવિધાયુક્ત,સરળ અને પારદર્શી બન્યું છે. તેમણે ઉમેર્યું કે આઈ-ખેડૂત પોર્ટલ શરુ થયું ત્યારથી અત્યાર સુધીમાં ૪૧ લાખથી વધુ ખેડૂતોએ કુલ 7 હજાર 670 કરોડથી વધુના યોજનાકીય લાભો આઈ-ખેડૂત પોર્ટલ મારફત મેળવ્યા છે.

ખેડૂતો માટે આ પોર્ટલ આજથી આગામી ૧૫ મે,૨૦૨૫ સુધી ખુલ્લું મૂકવામાં આવ્યું છે. પશુપાલન વિભાગ માટે પણ પોર્ટલ ટૂંક સમયમાં ખુલ્લું મૂકવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

-------------------

# Supreme Court- Godhra case

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે 2002ના ગોધરા ટ્રેન આગકાંડ કેસમાં ગુજરાત સરકાર અને અન્ય દોષિતો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર અંતિમ સુનાવણી 6 અને 7 મેના રોજ કરવામાં આવશે. ન્યાયમૂર્તિ જે.કે. મહેશ્વરી અને રાજેશ બિંદલની ખંડપીઠ દ્વારા આ સુનાવણી હાથ ધરાશે. .

એક દોષિતનું પ્રતિનિધિત્વ કરી રહેલા વરિષ્ઠ વકીલ સંજય હેગડેને ૩ મે સુધીમાં દોષિત સામેના આરોપોનો સંક્ષિપ્ત અહેવાલ રજૂ કરવા કહેવામાં આવ્યું છે. આમાં દોષિતો સામેના આરોપો, પાછલી અદાલતના તારણો અને તેની દલીલોની વિગતો શામેલ હોવી જોઈએ. અન્ય દોષિતો અને રાજ્યના વકીલોને પણ સૂચના આપવામાં આવી છે.

આ કેસ ફેબ્રુઆરી 2002 માં ગુજરાતના ગોધરા નજીક સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં લાગેલી આગ સાથે સંબંધિત છે જેમાં 59 લોકો માર્યા ગયા હતા. મોટાભાગના મૃતકો કાર સેવકો હતા.

. . . . . . . . . . . .

# MEASLES

રાજયમાં વર્ષ ૨૦૨૩માં ઓરીના લગભગ ૪,000 કેસની સામે વર્ષ ૨૦૨૪માં ઘટીને ૪૭૧ કેસ નોંધાયા છે. આરોગ્ય વિભાગ દ્વારા ઓરી અછબડાના કેસ શોધી સઘન સારવાર અને અટકાયત અને નિયંત્રણનાં પગલાને કારણે કેસોની સંખ્યા ઘટી છે.

નાગરિકોમાં જાગૃતિ માટે આજે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે. પી. નડ્ડા દ્વારા રાષ્ટ્રવ્યાપી અભિયાનનો નવી દિલ્હીથી શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, દેશ સહિત રાજ્ય ભરમાં આજથી ૩0 એપ્રિલ સુધી વિશ્વ રસીકરણ સપ્તાહની ઉજવણી અંતર્ગત ૨૬ એપ્રિલના ઓરી

અછબડાં રસીકરણ અને ૩૦ એપ્રિલનાં રોજ મમતા દિવસની ઉજવણી થશે.

--------------------

# WEATHER

હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન મહત્તમ તાપમાન યથાવત રહેવાની અને ત્યારબાદ બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાની આગાહી કરી છે.

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યના કેટલાક વિસ્તારોમાં 27 એપ્રિલ સુધી મહત્તમ તાપમાન 40 થી 42 ડિગ્રીની મર્યાદામાં રહેવાની સંભાવના છે. 27 એપ્રિલથી 29 એપ્રિલ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળી હવા ફૂંકાશે.

છેલ્લાં 24 કલાકમાં  રાજ્યમાં સૌથી વધુ 43.7 ડિગ્રી તાપમાન સુરેન્દ્રનગરમાં નોંધાયું છે, જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન 42.7 ડિગ્રી નોંધાયું છે.

. . . . . . . . . . . .